RERA REGISTRATION NO.

-:: વેં ચા ણ - દ સ્તા વે જ ::-

===============

અવેજ રૂા.

===

જામનગર જીલ્લા-તાલુકાના **ગામ : વિભાપરના રે.સ.નં.૩૫** વાળી ખેતીની જમીનનો **નગર રચના યોજના નં.૧ (જામનગર-વિભાપર) માં સમાવેશ થતાં તેને મુળ ખંડ નં.૨૯** સામે અંતિમખંડ નં. ૨૯ ફાળવવામાં આવેલ છે. આ **અંતિમખંડ નં.૨૯/ પૈકી-૨** વાળી ચો.મી. ૪૦૪૭.૦૦ જમીનમાં રહેણાંકના હેતુ માટે પાડવામાં આવેલ પ્લોટો પૈકી **એમલગમેટેડ પ્લોટ નં.૨(બે)** વાળી જગ્યામાં બાંધવામાં આવેલ બિલ્ડીંગ **''શ્લોક હાઇટસ્'' ના ...... ફલોર પરના ફલેટ નં..........** નો વેંચાણ દસ્તાવેજ.

===

લખાવી લેનાર :- **શ્રી**

ઉ.વ. :

... તે ખરીદનાર

લખી આપનાર :- **'' સાગર એન્ટરપ્રાઇઝ '' ના નામથી ચાલતી ભાગીદારી પેઢી :-**

P.A.NO.:- ACBFS 0663 C

હસ્તેઃ તેના પ્રવર્તમાન ભાગીદારો :-

(૧) **શ્રી ભરતભાઇ વીરજીભાઇ પટેલ**
ઉ.વ.૬૩, ધંધો : વેપાર,

(૨) **શ્રી સિધ્ધાર્થ ભરતભાઇ પટેલ**
ઉ.વ.૩૪, ધંધો : વેપાર,

(૩) **શ્રી સાગર દિપકભાઇ ઝવેરી**
ઉ.વ. ૩૨, ધંધો : વેપાર,

(૪) **શ્રી તારક જગદીશભાઇ શેઠ**
ઉ.વ. ૪૨, ધંધો : વેપાર,
બધાનું ઠે. ૪૦૧, સીટી પોઇન્ટ,
ટાઉનહોલ સામે, જામનગર.

SAGAR ENTERPRISE
PARTNER
(Sagar Zaveri)

ઉપરોકત નં.૨ વાળા જાતે તથા નં.૧
વાળાના કુલ મુખત્યાર દરજજે

... તે વેંચનાર

જત, સ્થાવર મિલકતના આ વેંચાણ દસ્તાવેજથી અમો લખી આપનાર, તમો લખાવી લેનાર તે ખરીદનાર જોગ લખી આપી બંધાઈએ છીએ કે, :-

૧. જામનગર જીલ્લા-તાલુકાના **ગામ : વિભાપરના રે.સ.નં.૩૫** વાળી ખેતીની જમીનનો **નગર રચના યોજના નં.૧ (જામનગર-વિભાપર) માં સમાવેશ થતાં તેને મુળ ખંડ નં.૨૯** સામે અંતિમખંડ નં.૨૯ ફાળવવામાં આવેલ છે. આ **અંતિમખંડ નં.૨૯/પૈકી-૨** વાળી ચો.મી. ૪૦૪૭.૦૦ જમીનમાં રહેણાંકના હેતુ માટે પાડવામાં આવેલ પ્લોટો પૈકી **એમલગમેટેડ પ્લોટ નં.૨(બે)** વાળી જગ્યા અમો લખી આપનાર સાગર એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા હકકની આવેલ છે. જેનું વિશેષ વર્ણન આ દસ્તાવેજમાં ''શેડયુલ-એ'' થી દર્શાવવામાં આવેલ છે.

આ જગ્યામાં જામનગર મહાનગરપાલિકાની વિકાસ કાર્યની મંજુરી નં.જેએમસી/ટી.પી./બી/૨૯/વિ.પ./૨૭૮૬/૨૦૧૮-૧૯ (છાપેલ નં.૨૦૧૮/૨૭૬૬), તા.૧૪-૧૨-૨૦૧૮ મુજબ સેલરમાં પાર્કિંગ તથા ગ્રાઉન્ડ ફલોર પર ૧૩ શોપ તથા ફર્સ્ટ ફલોર થી સેવન્થ ફલોર સુધીમાં કુલ-૩૮ રહેણાંકના ફલેટોનું બાંધકામ કરવામાં આવેલ છે. જે બિલ્ડીંગને **''શ્લોક હાઈટસ્''** નામ આપવામાં આવેલ છે. જે બિલ્ડીંગનું બાંધકામ પૂર્ણ થતાં જામનગર મહાનગરપાલિકાએ તા........... ના રોજ કંમ્પલીશન સર્ટીફીકેટ આપેલ છે.

૨. આ બિલ્ડીંગ **''શ્લોક હાઈટસ્'' ના ..... ફલોર પરના ફલેટ નં......** તમો ખરીદનારને **કુલ રૂા............. પુરામાં** વેંચાણ આપવામાં આવે છે. જે અંગેનો આ વેંચાણ દસ્તાવેજ કરવામાં આવે છે.મજકુર વેંચાણ આપેલ ફલેટનું વિશેષ વર્ણન આ દસ્તાવેજમાં ''શેડયુલ-બી'' થી દર્શાવવામાં આવેલ છે.

-:: શેડયુલ-એ ::-

========

વેંચાણ આપનારની માલિકની જગ્યાનું વર્ણન તથા હદદિશા

===

શ્રી ગુજરાત રાજયના જામનગર જીલ્લા-તાલુકાના **ગામ : વિભાપરના રે.સ.નં.૩૫** વાળી ખેતીની જમીનનો **નગર રચના યોજના નં.૧ (જામનગર-વિભાપર) માં સમાવેશ થતાં તેને મુળ ખંડ નં.૨૯** સામે અંતિમખંડ નં.૨૯ ફાળવવામાં આવેલ છે. આ **અંતિમખંડ નં.૨૯/પૈકી-૨** વાળી ચો.મી. ૪૦૪૭.૦૦ જમીનમાં જામનગર વિસ્તાર વિકાસ સતામંડળના હુકમ ક્રમાંક નં.જાવિવિસ/ટેક/૧૪૨/૬/૧૦/૧૦૨૧, તા.૨૫-૨-૨૦૧૦ થી મંજુર થયેલ લે-આઉટ પ્લાન તથા જીલ્લા કલેકટર કચેરી, જામનગરના બીનખેતી હુકમ ક્રમાંક : જમન/૨/બી.ખે./રજી.૪૯/૦૯-૧૦ તા.૧૨-૪-૨૦૧૦ મુજબ રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવામાં આવેલ છે તથા તેમાં કુલ ૧૪ અલગ અલગ પ્લોટો પાડવામાં આવેલ છે. જે સમગ્ર જગ્યા **''સુકૃત રેસીડેન્સી''** તરીકે ઓળખાય છે.

આ પૈકી પ્લોટ નં.૨ નું ક્ષેત્રફળ ચો.મી. ૫૯૩.૮૩ ના ચો.ફુટ ૬૩૯૨.૦૦ તથા પ્લોટ નં.૩ નું ક્ષેત્રફળ ચો.મી. ૫૮૬.૦૮ ના ચો.ફુટ ૬૩૦૯.૦૦ થાય છે.

આ પ્લોટ નં.૨ તથા ૩ વાળી જગ્યાનું જામનગર મહાનગરપાલિકાની ઓર્ડર નં.જેએમએમસી/૨૫-૦૯-૨૦૧૮/૧૦૦૮૫૬૬/૦૧/૦૦૨૧૪૧, તા.૨૯-૯-૨૦૧૮ (ઓર્ડર તા.૨૫-૯-૨૦૧૮) એમલગમેશન કરતા અસ્તિત્વમાં આવેલ એમલગમેટેડ પ્લોટ નં.૨ જેનું ક્ષેત્રફળ ચો.મી. ૧૧૭૯.૯૩ કાયમ કરવામાં આવેલ છે.

તે એમલગમેટેડ પ્લોટ નં.૨(બે) વાળી જગ્યા, જેનું કુલ ક્ષેત્રફળ ચો.મી. ૧૧૭૯.૯૩ ના ચો.ફુટ ૧૨૭૦૧.૦૦ થાય છે.

-:: હ દ દિ શા ::-

=======

ઉત્તર તરફ : પ્લોટ નં.૧ આવેલ છે.

દક્ષિણ તરફ : ૧૫.૦૦ મીટર પહોળો ટી.પી.સ્કીમનો રસ્તો આવેલ છે.

પૂર્વ તરફ : ૧૫.૦૦ મીટર પહોળો ટી.પી.સ્કીમનો રસ્તો આવેલ છે.

પશ્ચિમ તરફ : પ્લોટ નં.૪ થી ૮ આવેલ છે.

-:: શેડયુલ-બી ::-

========

વેંચાણ આપેલ ફલેટ નં......... નું વર્ણન તથા હદદિશા

==

ઉપરોકત શેડયુલ-એ થી દર્શાવેલ જગ્યામાં જામનગર મહાનગરપાલિકાની વિકાસ કાર્યની મંજુરી નં.જેએમસી/ટી.પી./બી/૨૯/વિ.પ./૨૭૮૬/૨૦૧૮-૧૯ (છાપેલ નં.૨૦૧૮/૨૭૬૬), તા.૧૪-૧૨-૨૦૧૮ મુજબ સેલરમાં પાર્કીંગ તથા ગ્રાઉન્ડ ફલોર પર ૧૩ શોપ તથા ફર્સ્ટ ફલોર થી સેવન્થ ફલોર સુધીમાં કુલ-૩૮ રહેણાંકના ફલેટોનું બાંધકામ કરવામાં આવેલ છે. જે બિલ્ડીંગને **''શ્લોક હાઈટસ્''** નામ આપવામાં આવેલ છે.

આ બિલ્ડીંગ **''શ્લોક હાઈટસ્'' ના .... ફલોર પરના ફલેટ નં. ..... જેનું ક્ષેત્રફળ નીચે મુજબ છે.**

		ચો.મી.	ચો.ફુટ
કારપેટ એરીયા	:-		
બિલ્ટઅપ	:-		
કોમન એરીયામાં વરાડે પડતો હિસ્સો	:-		

હ દ દિ શા

===========

ઉત્તરે :

દક્ષિણે :

પૂર્વે :

પશ્ચિમે :

તે તથા **''શ્લોક હાઈટસ્''** બિલ્ડીંગની કોમન સર્વિસીઝ, સપ્લાય, સીડી, પાર્કીંગ, હાલચાલના હકકો, ઓવર હેડ ટેન્ક તથા અન્ડર ગ્રાઉન્ડ ટેન્કમાંથી પાણી વાપરવાના તેમજ વરસાદી તેમજ વપરાશી પાણીના નિકાસના હકકો તથા સેપ્ટીક ટેન્કના હકકો સાથે વેંચાણ આપેલ છે.

૩) ઉપરોકત વર્ણન અને હદદિશાવાળો **''શ્લોક હાઈટસ્'' ના .... ફલોર પરના ફલેટ નં. .....** તમો ખરીદનારને કુલ **રૂા...........માં** વેંચાણ આપવામાં આવે

છે. તમો લખાવી લેનાર તરફથી અમો લખી આપનારને અવેજની સંપૂર્ણ રકમ **રૂા...............** નીચેની વિગતે ચુકતે મળી ગયેલ છે, જેની આથી પહોંચ આપીએ છીએ. હવે અવેજ પેટે અમો વેંચનારે કંઈજ રકમ તમો ખરીદનાર પાસેથી લેવાની બાકી રહેતી નથી, અને તમો ખરીદનારે અવેજ પેટે કંઈજ રકમ અમો વેંચનારને ચુકવવાની રહેતી નથી.

રૂા.

રૂા.

===============

૪) આ તમોને વેંચાણ આપેલ મજકુર ફલેટનો જેમાં સમાવેશ થાય છે તે રે.સ.નં.૩૫ વાળી જમીન શ્રી દુલીપસિંહજી જુવાનસિંહજીએ બક્ષીસથી કુવરાણી જયરાજકુમારી દુલીપસિંહજીને આપેલ. જે સંબંધેની નોંધ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૩૨૨ તા.૨૫-૧૨-૧૯૬૧ થી થયેલ છે.

ત્યારબાદ રે.સ.નં.૩૫ વાળી જમીન મેર મસરી લાખા તથા મેર લીલા લાખાભાઈએ જયરાજકુમારી દુલીપસિંહજી પાસેથી રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ. જે સંબંધેની નોંધ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૪૨૮, તા.૨૨-૬-૧૯૭૩ થી થયેલ છે.

ત્યારબાદ મેર મસરી લાખા તથા મેર લીલા લાખાભાઈ વચ્ચે યુ.એલ.સી./જામ/વર્ક/૨/૩૩૭/૭૯ ના હુકમ મુજબ ભાગ પાડતા રે.સ.નં.૩૫ વાળી જમીન મેર મસરી લાખાભાઈના હિસ્સામાં આવેલ. જે સંબંધેની નોંધ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૬૯૧ તા.૧૦-૧-૧૯૮૦ થી થયેલ છે.

ત્યારબાદ ડી.ઈ.લે.રે. કચેરીના કમી જાસ્તી પત્રક મુજબ રે.સ.નં.૩૫ વાળી જમીનનું કુલ ક્ષેત્રફળ એકર : ૧૫-૧૯ ગુંઠા કાયમ કરવામાં આવેલ. જે સંબંધેની એન્ટ્રી ગામ નમુના નં.૬ માં નોંધ નં.૯૯૨, તા.૮-૧૨-૧૯૮૮ થી થયેલ છે.

ત્યારબાદ મેર મસરી લાખાએ કૌટુંબીક વહેંચણી કરતાં આ જમીનમાંથી

ત્રણ - ત્રણ એકર જમીન માલીબેન મસરીભાઇ, અર્જુન મસરીભાઇ તથા માલદે મસરીભાઇને આપેલ. જે સંબંધેની નોંધ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૧૨૧૭ તા.૩૦-૩-૨૦૦૦ થી થયેલ છે.

આ જમીનનો ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૧ (જામનગર-વિભાપર) માં સમાવેશ થતાં મુળખંડ નં.૨૯ વાળી હેકટર: ૬-૨૬-૨૫ આરે ચો.મી. જમીન સામે અંતિમખંડ નં.૨૯ ફાળવી કુલ ક્ષેત્રફળ હેકટર : ૪-૨૭-૯૭ આરે ચો.મી. કાયમ કરેલ છે. જે સંબંધેની કે.જે.પી. દુરસ્તી નોંધ ગામ નમુના નં.૬ માં એન્ટ્રી નં.૧૫૦૪ તા.૨૧-૨-૨૦૦૮ થી થયેલ છે

ત્યારબાદ આ અંતિમખંડ નં.૨૯ પૈકીની ચો.મી. ૪૦૪૭.૦૦ ખેતીની જમીન સુકૃત બિલ્ડકોન ભાગીદારી પેઢીએ બીનખેતી ઉપયોગ માટે ખરીદ કરવાની પરવાનગી આપવા નાયબ કલેકટર સાહેબ, જામનગરને અરજી કરતા તેઓશ્રીના હુકમ નં.જમન/વશી/૨૦૦૧/૨૦૦૮, તારીખ : ૩૦-૬-૨૦૦૮ થી ખેતીની જમીન ખરીદ કરવાની પરવાનગી આપવામાં આવેલ.

ત્યારબાદ અંતિમખંડ નં.૨૯ પૈકીની ચો.મી. ૪૦૪૭.૦૦ ખેતીની જમીન સુકૃત બિલ્ડકોન ભાગીદારી પેઢીએ મેર મસરી લાખા, મેર માલીબેન મસરી, મેર અર્જુન મસરી તથા મેર માલદે મસરી પાસેથી રજી. વેંચાણ દસ્તાવેજ અનુ.નં.૭૩૭૮, તા.૨૯-૯-૨૦૦૮ થી ખરીદ કરેલ છે. જે સંબંધેની નોંધ ગામ નમુના નં.૬ માં એન્ટ્રી નં.૧૫૫૮, તા.૧૪-૧૦-૨૦૦૮ થી થયેલ છે.

ત્યારબાદ અંતિમખંડ નં.૨૯/પૈકી-૨ વાળી ચો.મી. ૪૦૪૭.૦૦ જમીનને જીલ્લા કલેકટર કચેરી, જામનગરના તા.૧૨-૪-૨૦૧૦ ના બીનખેતી હુકમ મુજબ રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવી તેમાં કુલ ૧ થી ૧૪ અલગ અલગ પ્લોટો પાડવામાં આવેલ છે.

આ પૈકી પ્લોટ નં.૨ તથા ૩ વાળી જગ્યાનું જામનગર મહાનગરપાલિકાની ઓર્ડર નં.જેએમએમસી/૨૫-૦૯-૨૦૧૮/૧૦૦૮૫૬૬/૦૧/૦૦૨૧૪૧, તા.૨૯-૯-૨૦૧૮ (ઓર્ડર તા.૨૫-૯-૨૦૧૮) એમલગમેશન કરતા અસ્તિત્વમાં આવેલ એમલગમેટેડ પ્લોટ નં.૨ જેનું ક્ષેત્રફળ ચો.મી. ૧૧૭૯.૯૩ કાયમ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સુકૃત બિલ્ડકોન ભાગીદારી પેઢી પાસેથી એમલગેટેડ પ્લોટ

નં.૨ વાળી જગ્યા અમો વેંચનાર સાગર એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીએ રજી. વેંચાણ દસ્તાવેજ અનુ.નં.૫૯૮૧, તારીખ ૧૨-૧૦-૨૦૧૮ થી ખરીદ કરેલ છે. જેની નોંધ ગામના નમુના નં.૨ માં કરવામાં આવેલ છે.

ત્યારબાદ અમો વેંચનાર સાગર એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીએ આ જગ્યામાં બાંધકામ કરવાની પરવાનગી મેળવવાની કાર્યવાહી કરતા મહાનગરપાલિકા જામનગરે ક્રમાંક : જેએમસી/ટી.પી./બી/૨૯/વિ.પ./ ૨૭૮૬/૨૦૧૮-૧૯ (છાપેલ નં.૨૦૧૮/૨૭૬૬), તારીખ : -૧૪-૧૨-૨૦૧૮ ના રોજની વિકાસ કાર્યની મંજુરી આપેલ, અને બાંધકામના પ્લાન મંજુર કરેલ, અને તે મંજુર થયેલ પ્લાન મુજબ સેલરમાં પાર્કિંગ તથા ગ્રાઉન્ડ ફલોર પર ૧૩ શોપ તથા ફર્સ્ટ ફલોર થી સેવન્થ ફલોર સુધીમાં કુલ-૩૮ રહેણાંકના ફલેટોનું બાંધકામ કરવામાં આવેલ છે. જે બિલ્ડીંગને **''શ્લોક હાઇટસ્''** નામ આપવામાં આવેલ છે.

૫) આમ, મજકુર વેંચાણ આપેલ ફલેટ અમો વેંચનાર પેઢીની માલિકી કબજા, ભોગવટા હકકનો આવેલ છે. તેમાં અમારા સિવાય અન્ય કોઇનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો કે લાગભાગ નથી. તેમજ મજકુર ફલેટ અમોએ કોઇને વેંચાણ, ગીરો, બક્ષીસ, ભાડેથી કે અન્ય કોઇપણ રીતે ટ્રાન્સફર કે એસાઇન કરેલ નથી કે તેના ઉપર કોઇપણ વ્યકિત, સંસ્થા, બેંક, સરકારી ઓફીસ, અર્ધ-સરકારી ઓફીસ કે અન્ય કોઇનું કંઇપણ પ્રકારનું લેણું, ચાર્જ, બોજો કે લીયન નથી. આ મિલકતના ટાઇટલ તદ્દન ચોખ્ખા, બોજારહીત અને વેંચાણપાત્ર છે. તેવી ખાત્રી, વિશ્વાસ અને ભરોસો આપી આ વેંચાણ દસ્તાવેજ કરી આપવામાં આવે છે. આમ છતાં ભવિષ્યમાં અમારા માલિકી હકકોમાં કોઇપણ પ્રકારની ખામી નીકળે કે કોઇ વાંધો-તકરાર ઉઠે તો તે અંગેની તમામ જવાબદારી અમો લખી આપનારની રહેશે અને તેને પરિણામે તમોને જે કંઇપણ નુકશાની થાય તે અમોએ તમોને વર્તી આપવાની છે.

૬) આ વેંચાણ દસ્તાવેજવાળા ફલેટનો શાંત, ખાલી, નિર્ભય, બજનશ કબજો આજરોજ અમો વેંચનારે તમો ખરીદનારને સોંપી આપેલ છે. જે તમો ખરીદનારે માલિક દરજજે જોઇ, તપાસી, સંભાળી લીધેલ છે, અને હવેથી મજકુર ફલેટના તમો ખરીદનાર સ્વતંત્ર, માલિક અને કબજેદાર બનો છો અને તમારી ઇચ્છા

મુજબ તેનો ઉપયોગ, ઉપભોગ, ટ્રાન્સફર અને તબદીલી કરવા હકકદાર બનો છો.

૭) મજકુર ફલેટપરત્વેના હવા-ઉજાસના, હાલ ચાલના, કોમન લાઈટ, પાર્કિંગ, લીફટ વિગેરે જેવા અને જેટલા હકકો તથા ઈઝમેન્ટ રાઈટસ અમો વેંચનારને છે તેવા અને તેટલા તમામ હકકો તમો ખરીદનારને પ્રાપ્ત થાય છે અને તેનો તમો માલિક દરજજે ઉપયોગ, ઉપભોગ કરવા હકકદાર બનો છો.

૮) **આ વેંચાણ દસ્તાવેજની શરતો નીચે મુજબ છે.**

======================

૧. મજકુર વેંચાણ આપેલ ફલેટવાળા બિલ્ડીંગનું નામ **''શ્લોક હાઇટસ્''** રાખવામાં આવેલ છે. જે નામ કાયમ રાખવાનું છે અને તેમાં કોઈએ કયારેય ફેરફાર કરવાનો નથી.

૨. શેડયુલ-એ માં દર્શાવેલ જગ્યામાં અમો વેંચનારે જામનગર મહાનગરપાલિકાની અનુ.નં.જેએમસી/ટી.પી./બી/૨૯/વિ.પ./૨૭૮૬/૨૦૧૮-૧૯ (છાપેલ નં.૨૦૧૮/૨૭૬૬), તારીખ : -૧૪-૧૨-૨૦૧૮ ના રોજની વિકાસ માટેની પરવાનગી મુજબ સેલર તથા ગ્રાઉન્ડ ફલોર થી સેવન્થ ફલોર સુધીનું બાંધકામ કરેલ છે. આ જગ્યાના માલિકી હકક દર્શાવતા દસ્તાવેજો, જામનગર મહાનગરપાલિકાએ આપેલ મંજુરી તથા નકશો, બાંધકામ, ક્ષેત્રફળ તમોએ જોઈ ચકાસેલ છે તથા આ વેંચાણ દસ્તાવેજવાળો ફલેટ તમોએ જોયેલ છે અને તે ફલેટનો આ વેંચાણ દસ્તાવેજ કરવામાં આવે છે.

૩. મજકુર વેંચાણ આપેલ ફલેટના સુપર બિલ્ટઅપ ક્ષેત્રફળના પ્રમાણમાં શેડયુલ-એ વાળી ચો.મી. ૧૧૭૯.૯૩ ક્ષેત્રફળવાળી જમીનમાં મળવાપાત્ર જમીન માંહે બીજા ફલેટ હોલ્ડર્સ સાથે મળીને તમો ખરીદનારને એક સંયુકત માલિક દરજજે અવિભાજીત માલિકી હકક પ્રાપ્ત થાય છે.

૪. અમો વેંચાણ આપનારે ''ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ'' ની કલમ-૧૭ મુજબ રૂલ-૧૩ હેઠળનું આવશ્યક ડેકલેરેશન ફોર્મ 'જી' જામનગર સબ-રજીસ્ટ્રાર કચેરીમાં અનુ.નં.....તા.......થી નોંધાવેલ છે. આ રીતે **''શ્લોક હાઇટસ્''** બિલ્ડીંગના તમામ યુનિટો આ કાયદાની જોગવાઈઓ હેઠળ મુકેલ છે. તમોને પણ આ વેંચાણ ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ હેઠળ કરવામાં આવે છે. તમારે

એકઝીબીટ 'બી' થી જોડવામાં આવેલ બાયલોઝનું પાલન કરવાનું છે અને તે અંગે તમોએ ખાત્રી આપી કલમ-૨૦ મુજબ નિયત કરેલ ફોર્મ 'એચ' નું ડેકલેરેશન કરી આપેલ છે, જે આ દસ્તાવેજનો એક ભાગ છે. તમો ગુજરાત ઓનરશીપ ફલેટ એકટની તમામ જોગવાઈઓનું પાલન કરવા બંધાયેલ છો.

૫. આ બિલ્ડીંગમાં આવેલ કોમન પેસેજ, સીડી, કોલમ, બીમ, બોર, ઓવર હેડ ટેન્ક, અન્ડર ગ્રાઉન્ડ ટેન્ક, સેફટી ટેન્ક, કોમન પાઈપ લાઈન, લીફટ, પાર્કીંગ વિગેરે તમામ કોમન સર્વિસીઝ દરેક ફલેટ હોલ્ડરની મજમુ અને અવિભાજીત રહેશે અને દરેક ફલેટ હોલ્ડરે તેનો સંપીને કોમન ઉપયોગ કરવાનો છે.

૬. આ વેંચાણ આપેલ ફલેટમાં સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થોનો સંગ્રહ કરવાનો નથી કે આખી ઈમારતને નુકશાન થાય કે જોખમ થાય કે અન્ય સહમાલિકને નુકશાન થાય તે પ્રકારે વ્યાપારીક હેતુ માટે ઉપયોગ કરવાનો નથી. કોમન હાલચાલ, પેસેજ કે પાર્કીંગ વિગેરે કોમન હેતુ માટેની જગ્યામાં કોઈપણ ફલેટ માલિક, તેના નોકર, એજન્ટ કે ટ્રાન્સફરીઓએ કયારેય પણ બાંધકામ કરવાનું નથી કે કોઈ અડચણ, અટકાયત કરવાની નથી. **''શ્લોક હાઈટસ્''** ઈમારતના કોમન કોરીડોર, લોન્જ કે પેસેજમાં કોઈ વસ્તુ રાખવાની નથી, અડચણ થાય તેમ કરવાનું નથી અને આ પેસેજ ખુલ્લા અને સ્વચ્છ રાખવાના છે. તેમજ તમો ખરીદનારે કોઈપણ જાતની હેવી મશીનરી અને વાઈબ્રેશન કે ઘોંઘાટ થાય તેવા મશીન કે મશીનરી ફીટ કરવાના નથી.

૭. આ બિલ્ડીંગમાં અગાસી પર ઓવર હેડ ટેન્ક બનાવેલ છે. તેમાંથી પાણી વિતરણ કરાશે. એવીજ રીતે નીચેના ટાંકામાં પાણી સંગ્રહ કરાશે. જે ઉપર ઓવર હેડ ટેન્કોમાં ચડાવવામાં આવશે. જેનો દરેક ફલેટ હોલ્ડરે સંપીને તથા એસોસીએશન નકકી કરે તે મુજબ ઉપયોગ કરવાનો રહેશે.

૮. આ વેંચાણવાળી જગ્યાના ઈલેકટ્રીક અને વોટર કનેકશન તથા ભુગર્ભ ગટ્ટર જોડાણને લગતા ડીપોઝીટ ખર્ચ સહીતના ખર્ચા ખરીદનારે વરાડે પડતા ભોગવવાના રહેશે. અમો વેંચનાર બિલ્ડર દ્વારા બિલ્ડીંગના તમામ યુનિટો દીઠ એક ઈલેકટ્રીક મીટર લેવાનું નકકી થયેલ હોય તે કનેકશન મેળવવા અંગેના ખર્ચમાં તમો ખરીદનારે વરાડે પડતો હિસ્સો આપવાનો રહેશે.

૯. **''શ્લોક હાઈટસ્''** વાળી સમગ્ર ઈમારતના રંગરોગાન કે રીપેરીંગ તેમજ આ

સમગ્ર બિલ્ડીંગને લગતા કોમન લાઈટ, પાણી, જાળવણી, સફાઈ, ચોકીદાર, વિમાનું પ્રિમીયમ, લીફ્ટ મેઈન્ટેનન્સ તથા રીપેર વિગેરે બિલ્ડીંગ મેઈન્ટેનન્સના કુલ કોમન ખર્ચમાં દરેક ખરીદનારે પોતાનો વરાડે પડતો હિસ્સો એસોસીએશનને આપવાનો રહેશે. આ પ્રકારના ખર્ચ પેટે કબજો સંભાળતી વખતેજ તમો ખરીદનારે રૂા.......... પુરા મેઈન્ટેનન્સ ડીપોઝીટ તરીકે **''શ્લોક હાઈટસ્ (જામનગર) ઓનર્સ એસોસીએશન''**ને આપવાની રહેશે. તેમજ આવી મેઈન્ટેનન્સ ડીપોઝીટની રકમ ઉપર ખરીદનાર વ્યાજ માંગી શકશે નહીં, અને આ રીતે ભવિષ્યમાં જો આવા કોમન ખર્ચમાં વધારો થાય તો તેવા વધારાના ખર્ચમાં પણ દરેક ખરીદનારે પોતાનો વરાડે પડતો હિસ્સો આપવાનો રહેશે.

૧૦. આ બિલ્ડીંગના દરેક ફ્લેટ હોલ્ડરે એકસંપથી ન્યુસન્સ ન થાય તેમ તથા રાઈટ ઓફ પ્રાયવસીનો ભંગ ન થાય તેમ રહેવાનું છે. ફ્લેટ હોલ્ડરે પોતાના ફ્લેટનો હોટલ, રેસ્ટોરન્ટ, કલબ, વિડીયો પાર્લર, ગેસ્ટ હાઉસ વિગેરે કે જેથી અન્ય સહમાલિકોને ન્યુસન્સ થાય તેવી રીતે ઉપયોગ કરવાનો નથી. આ ફ્લેટનો ફકત રહેણાંકના હેતુ માટેજ ઉપયોગ કરવાનો છે.

૧૧. તમો ખરીદનારે આજરોજ વેંચાણવાળી જગ્યાનો કબજો મેળવી લીધો છે. વેંચાણવાળી આ જગ્યાનુ બાંધકામ, ફીટીંગ્ઝ, ફીકચર્સ વિગેરે સંતોષકારક, સારા અને સંગીન છે, જેની જાત તપાસ અને ખાત્રી તમો ખરીદનારે કરીને આ કબજો સંભાળેલ છે. બાંધકામ રજાચિઠ્ઠી મુજબનું છે અને જગ્યાનો ઉપયોગ સક્ષામ ઓથોરીટીના નિયમો મુજબ કરવાનો છે.

૧૨. મજકુર ફ્લેટની આજુબાજુની દિવાલો તથા ઉપર-નીચેની છતો મજમુ માલિકીની રહેશે. તેમજ મજમુ દિવાલોમાં ૪.૦૦ ઈંચથી વધુ ઉંડાઈનું ખોદકામ કરવાનું નથી. આ બિલ્ડીંગના આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરને કોઈપણ સ્વરૂપનું નુકશાન થાય તેમજ બિલ્ડીંગના દેખાવ, એલીવેશન કે સુશોભનને અસર થાય તેવા કોઈ ઈન્ટરનલ ચેન્જીસ કરવાના નથી. ભવિષ્યમાં કોઈપણ ફ્લેટ હોલ્ડરને બાંધકામમાં કોઈપણ ફેરફાર કરવાનો હોય તો તે અંગે આ બિલ્ડીંગને અથવા બીજા કોઈપણ ફ્લેટને કાંઈ નુકશાન ન થાય તે રીતે અને બાંધકામ નબળું ન પડે તે રીતે પોતાના ખર્ચે અને પોતાની સંપૂર્ણ જવાબદારી સાથે કરવાનું છે.

૧૩. **''શ્લોક હાઈટસ્''** બિલ્ડીંગના સેલર તથા ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ કોમન

પાર્કિંગની જગ્યા **''શ્લોક હાઇટસ્''** ના ફ્લેટ હોલ્ડર્સના માલિકો વચ્ચે મજમુ રહેશે અને ફ્લેટ ધારકો એસોસીએશન નકકી કરે તે મુજબ તેનો ઉપભોગ કરી શકશે. પાર્કિંગની જગ્યાનો ઉપયોગ પાર્કિંગ સિવાય અન્ય કોઇ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.

૧૪. વેંચાણ આપેલ જગ્યાના અવેજની રકમ તમો ખરીદનારે ચુકવી આપેલ છે. પરંતુ રાજય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા આ વેંચાણ ઉપર સ્ટેમ્પ ડયુટી, સર્વિસ ટેકસ, વેટ, જી.એસ.ટી. કે અન્ય કોઇ વેરો વસુલ લેવામાં આવે તો તેની જવાબદારી તમો ખરીદનારની રહેશે.

૧૫. તમો ખરીદનારે વેંચાણવાળી જગ્યાનો કબજો સંભાળી લીધા બાદ તમો ખરીદનારે તેની જાળવણી અને જરૂર પડયે રંગરોગાન, રીપેરીંગ વિગેરે તમો ખરીદનારે કરવાના રહેશે. સમગ્ર બિલ્ડીંગની મુળ કલર, સ્કીમ, દેખાવ કે એલીવેશનને નુકશાન થાય કે બગડે તેવા ફેરફારો કરવાના નથી. સમગ્ર ઇમારતના રંગરોગાન કે સેપ્ટીક ટેન્કની સફાઈ કે રીપેરીંગ વિગેરે કરવાના થાય ત્યારે દરેક ખરીદનારે તે માટે સહકાર તથા તેના ખર્ચમાં વરાડે પડતો હિસ્સો આપવાનો રહેશે.

૧૬. **''શ્લોક હાઇટસ્''** વાળી ઇમારતનો વિમો ઉતારવામાં આવે તો ત્યારે દરેક ફ્લેટ ખરીદનારાઓએ કુલ વિમા ખર્ચમાં પોતાનો વરાડે પડતો હિસ્સો આપવાનો છે અને વિમાની શરતોનો ભંગ કરવાનો નથી કે પ્રિમીયમ વધારે ભરવું પડે તેવું કૃત્ય કરવાનું નથી.

૧૭. **''શ્લોક હાઇટસ્''** બિલ્ડીંગની વપરાયેલ એફ.એસ.આઇ. ઉપરાંત વધેલી એફ.એસ.આઇ. તથા ભવિષ્યમાં મળનાર એફ.એસ.આઇ.ના હકકો એલોટીનો રહેશે, અને પ્રમોટરનો રહેશે નહીં. પરંતુ બાંધકામના નિયમો પ્રમાણે આ અગાસી માંહે અમોને જો વિશેષ બાંધકામ (એફ.એસ.આઇ.) મળવાપાત્ર થશે તો આ અગાશી માંહે અમો સદરહુ બિલ્ડીંગના એસોસીએશનની ૨/૩ બહુમતી મેળવ્યા બાદ બાંધકામ કરવા હકકદાર રહીશું, અને તેવા વખતે તે નવા બાંધકામની ટોપ ફલોરની અગાશીનો દરેક ફ્લેટ હોલ્ડર વપરાશ, ઉપયોગ કરી શકશે.

૧૮. મજકુર ફ્લેટનો કબજો સોંપ્યાની તારીખથી પાંચ વર્ષની અંદર મજકુર ફ્લેટ કે

સમગ્ર ઈમારતમાં કોઈ માળખાકીય ખામી અથવા કારીગરલક્ષી કાર્ય, ગુણવત્તા અથવા સુવિધાઓની જોગવાઈના સંદર્ભમાં કોઈ ખામી બિલ્ડરના ધ્યાન પર લાવે તો જયાં શકય હોય ત્યાં તેવી ખામીઓ બિલ્ડરે પોતાના ખર્ચે સુધારી આપવાની રહેશે, અને ખામીઓ સુધારવાનું શકય હોય નહીં તો દરેક ફલેટ ધારક બિલ્ડર પાસેથી તેનું વળતર મેળવવા હકકદાર રહેશે અથવા બિલ્ડર કોઈ માળખાકીય ખામી અથવા કારીગરલક્ષી કાર્ય, ગુણવત્તા અથવા સુવિધાઓની જોગવાઈઓમાં રહેલ ખામીઓ માટે જવાબદાર નહીં ઠરે, જેના માટે બિલ્ડર જવાબદાર હોય અથવા બિલ્ડરના નિયંત્રણ બહાર હોય.

૧૯. ફલેટ ધારક અને બિલ્ડર વચ્ચે થયેલ કોઈપણ તકરારનો સમાધાનથી ઉકેલ લાવવાનો રહેશે. જો સમાધાન શકય ન હોય તો, તકરારને રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ ની જોગવાઈઓ તેમજ તે હેઠળ ઘડેલ નિયમનો હેઠળ .... ઓથોરીટી તરફ સંદર્ભ કરવાનો રહેશે.

૨૦. તમો ખરીદનાર જોગ અમો વેંચનારએ જામનગર સબ-રજી. કચેરીમાં અનુ.નં. .... તા............. થી રજી. વેંચાણ કરાર કરી આપેલ છે, અને તે કરારની જોગવાઈઓ તમો લખાવી લેનાર તથા અમો લખી આપનાર બંને પક્ષકારને ગ્રાહય છે અને રહેશે.

અથવા

તમો ખરીદનારે આ વેંચાણવાળા ફલેટના અવેજની ચુકતે રકમ ઉપરની વિગતે અમો વેંચનારને હાલમાંજ ચુકવેલ છે. તે સંજોગોમાં આપણાં વચ્ચે કોઈ રજી. કરાર કરવામાં આવેલ નથી.

૯) આ વેંચાણ દસ્તાવેજવાળા ફલેટને લગત નીચે મુજબના હકકના કાગળોની નકલ આજરોજ તમોને સોંપી આપેલ છે.

==================================

૧) આ જમીન સંબંધેની ગામ નમુના નં.૬ (હકકપત્રક) ની ઉતરોતર નોંધની નકલ.

૨) મજકુર જમીનના સૂકૃત બિલ્ડકોન ભાગીદારી પેઢીના નામના કોમ્પ્યુટરાઈઝડ ગામ નમુના નં.૭/૧૨ તથા ૮/અ ની નકલ.

૩) વિભાપરના રે.સ.નં.૩૫ વાળી તથા અન્ય જમીન અંગે જામનગર શહેરના

મહારાજાશ્રી દુલીપસિંહજી જુવાનસિંહજી જાડેજાએ કુંવરાણી જયરાજકુમારી જાડેજા જોગ તા.૨૩-૪-૧૯૫૫ ના રોજ કરી આપેલ બક્ષીસ દસ્તાવેજ અનુ.નં.૩૫૨ ની સબ-રજીસ્ટ્રાર કચેરી, જામનગર માંથી મેળવેલ ખરી નકલની ઝેરોક્ષ.

૪) મેર મસરી લાખા તથા મેર લીલા લાખાભાઈ જોગ કુંવરાણી જયરાજકુમારી દુલીપસિંહજીએ તા.૧૫-૩-૧૯૭૧ ના રોજ કરી આપેલ રજી. વેંચાણ દસ્તાવેજ અનુ.નં.૧૦૩૪ ની નકલ.

૫) સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર, શહેરી જમીન ટોચ મર્યાદા, જામનગરના હુકમ નં.યુએલસી/જામ/વર્ક/૨/૩૩૭/૭૯, તારીખ : ૧૯-૫-૧૯૭૯ ના હુકમની નકલ.

૬) આ જમીન અંગે જામનગર વિસ્તાર વિકાસ સતામંડળના ઝોનીંગ સર્ટીફીકેટ તથા પાર્ટ પ્લાનની નકલ.

૭) આ જમીનનો ટી.પી.સ્કીમ નં.૧ માં સમાવેશ થતાં ફાળવેલ મુળખંડ તથા અંતિમખંડ દર્શાવતા જામનગર વિસ્તાર વિકાસ સતામંડળના પુન:વહેંચણી પત્રકની નકલ.

૮) સુકૃત બિલ્ડકોન ભાગીદારી પેઢીના તા.૨૭-૫-૨૦૦૮ ના ભાગીદારી દસ્તાવેજની નકલ.

૯) સુકૃત બિલ્ડકોન ભાગીદારી પેઢીના ભાગીદારોએ તારીખ ૧૦-૬-૨૦૦૮ ના રોજ કરેલ કુલ મુખત્યારનામાની નકલ.

૧૦) અંતિમખંડ નં.૨૯ પૈકીની ચો.મી. ૪૦૪૭.૦૦ ખેતીની જમીન બીનખેતી ઉપયોગ માટે ખરીદ કરવાની પરવાનગી આપ્યા સંબંધે નાયબ કલેકટર સાહેબ, જામનગરના હુકમ નં.જમન/વશી/૨૦૦૧/૨૦૦૮, તા.૩૦-૬-૨૦૦૮ ની નકલ.

૧૧) અંતિમખંડ નં.૨૯ પૈકીની ચો.મી. ૪૦૪૭.૦૦ ખેતીની જમીનનો સુકૃત બિલ્ડકોન ભાગીદારી પેઢી જોગ મેર મસરી લાખા વિગેરેએ તારીખ : - ૨૯-૯-૨૦૦૮ ના રોજ કરી આપેલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ અનુ.નં. ૭૩૭૮ ની નકલ તથા રજીસ્ટ્રેશન પહોંચની નકલ.

૧૨) આ જમીનનો લે-આઉટ પ્લાન મંજુર કર્યા સંબંધે જામનગર વિસ્તાર વિકાસ સતામંડળના હુકમ ક્રમાંક : જાવિવિસ/ટેક/૧૪૨/૬/૧૦/ ૧૦૨૧, તા.૨૫-૨-૨૦૧૦ ની નકલ તથા મંજુર થયેલ પ્લાનની નકલ.

૧૩) આ જમીનને રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવ્યા સંબંધે જીલ્લા કલેકટર કચેરી, જામનગરના બીનખેતી હુકમ નં.જમન/૨/બી.ખે./રજી. ૪૯/ ૨૦૦૯-૧૦, તા.૧૨-૪-૨૦૧૦ ની નકલ.

૧૪) આ બીનખેતી હુકમની ગામ નમુના નં.૬ માં થયેલ નોંધ નં.૧૬૩૨ ની નકલ તથા બીનખેતી નોંધ દર્શાવતા ગામ નમુના નં.૭/૧૨ તથા ૮/અ ની નકલ.

૧૫) આ બીનખેતી જમીનની માપણી થતાં ડી.ઇ.લે.રે. કચેરી, જામનગર દ્વારા આપવામાં આવેલ હિસ્સા ફોર્મ નં.૪ તથા માપણી શીટની નકલ.

૧૬) સુકૃત બિલ્ડકોન ભાગીદારી પેઢીના તા.૧-૧૦-૨૦૧૬ ના રોજનાં ભાગીદારી ફેરફારના દસ્તાવેજની નકલ.

૧૭) સુકૃત બિલ્ડકોન ભાગીદારી પેઢીના ભાગીદારોએ તા.૧૮-૫-૨૦૧૮ ના રોજ આપેલ કુલ મુખત્યારનામાની નકલ.

૧૮) સુકૃત બિલ્ડકોન ભાગીદારી પેઢીના નામના પ્લોટ નં.૨ તથા ૩ સંબંધેના ગામના નમુના નં.૨ ની નકલ.

૧૯) જામનગર મહાનગરપાલિકાના એમલગમેશન સંબંધેના ક્રમાંક : જેએમએમસી/૨૫-૦૯-૨૦૧૮/૧૦૦૮૫૬૬/૦૧/૦૦૨૧૪૧, તા.૨૯-૯-૨૦૧૮ (ઓર્ડર તા.૨૫-૯-૨૦૧૮) ના રોજનો હુકમ અસલની નકલ તથા મંજુર કરેલ પ્લાન અસલની નકલ.

૨૦) સાગર એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના તા.૩૦-૧૨-૨૦૧૧ ના રોજના ભાગીદારી દસ્તાવેજની નકલ.

૨૧) સાગર એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના તા.૧૧-૨-૨૦૧૪ ના રોજના પુરવણી ભાગીદારી દસ્તાવેજની નકલ.

૨૨) સાગર એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના તા.૩૦-૭-૨૦૧૪ ના રોજના પુરવણી ભાગીદારી દસ્તાવેજની નકલ.

૨૩) સાગર એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના ભાગીદાર ભરતભાઇ વીરજીભાઇ પટેલએ અન્ય ભાગીદાર તથા તેમના પુત્ર સિધ્ધાર્થ ભરતભાઇ પટેલ જોગ તા.૧૬-૫-૨૦૧૭ ના રોજ આપેલ કુલ મુખત્યારનામાની નકલ.
(આ કુલ મુખત્યારનામું રદ્દ, રીવોક, ટરમીનેટ કે સ્થગીત થયેલ નથી અને હાલ ચાલુ, અમલમાં અને અસ્તિત્વમાં છે, અને આ કુલ મુખત્યાર દરજજે અમો વેંચાણ દસ્તાવેજ કરવા સક્ષમ છીએ, તેવી ખાત્રી, વિશ્વાસ અને ભરોસો આપવામાં આવે છે)

૨૪) સાગર એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢી જોગ સુકૃત બિલ્ડકોન ભાગીદારી પેઢીએ કરી આપેલ રજી. વેંચાણ દસ્તાવેજ અનુ.નં.૫૯૮૧, તા.૧૨-૧૦-૨૦૧૮ ની નકલ.

૨૫) સાગર એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના નામના ગામના નમુના નં.૨ ની નકલ.

૨૬) જામનગર મહાનગરપાલિકાએ આપેલ અનુ.નં. જેએમસી/ટી.પી./બી/૨૯/વિ.પ./૨૭૮૬/૨૦૧૮-૧૯ (છાપેલ નં.૨૦૧૮/૨૭૬૬), તારીખ : -૧૪-૧૨-૨૦૧૮ ના રોજની વિકાસ કાર્યની મંજુરીની નકલ તથા મંજુર કરેલ બાંધકામ પ્લાનની નકલ.

૨૭) જામનગર મહાનગરપાલિકાએ આપેલ તા. .... ના રોજના કંમ્પલીશન સર્ટીફીકેટની નકલ.

આ સિવાય અન્ય કોઇ હકકના કાગળો અમારા પાસે નથી, તેમ છતાં પણ જો હોય કે નીકળે તો તે અમારે તમોને સુપ્રત કરી આપવાના છે. તમો લખાવી લેનારને માલિકી હકક દર્શાવતા અસલ દસ્તાવેજો અમારા કબજામાં છે, તેની તમોને જોવાની જરૂર પડે ત્યારે અમો લખી આપનારે અસલ દસ્તાવેજો બતાવવાના છે તથા **"શ્લોક હાઇટસ"** ના તમામ યુનિટનું વેંચાણ થઇ ગયા બાદ સદરહુ બિલ્ડીંગના ઉતરોતર ટાઇટલ ડીડઝની અસલ ફાઇલ અમારે સદરહુ બિલ્ડીંગના એસોસીએશનને સોંપી આપવાની રહેશે.

૧૦) આ વેંચાણ દસ્તાવેજવાળા ફલેટના આજદિન સુધીના તમામ પ્રકારના કરવેરા, ટેકસ વિગેરે જે કંઇ બાકી નીકળે કે હોય તે ભરપાઇ કરવાની જવાબદારી અમો લખી આપનારની છે. આજદિન પછીથી આવા તમામ પ્રકારના કરવેરા, ટેકસ, લાગાલેત્રી ભરવાની જવાબદારી તમો લખાવી લેનારની રહેશે.

૧૧) તમોને વેંચાણ આપેલ ફલેટ તમો ખરીદનારે સરકારી કચેરી, અર્ધ-સરકારી કચેરી અને લોકલ બોડીમાં તમારા નામે ટ્રાન્સફર કરાવી લેવાની છે. તેમજ આ માટે જયાં જયાં જરૂર પડે ત્યાં ત્યાં અમો વેંચનારે હાજર રહી સહીઓ કરી આપવાની છે અને સંપૂર્ણ સાથ સહકાર આપવાનો છે.

આ વેંચાણ દસ્તાવેજ અમોએ વાંચી, સમજી, વિચારી, કોઇપણ જાતના દબાણને વશ થયા વગર, સંપૂર્ણ સભાન અવસ્થામાં, મુકત સંમતિથી કરી આપેલ

છે. જે અમોને અમારા વંશવારસો વેરે કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. જેની ખાત્રી બદલ આ નીચે સહી કરી શાખ કરાવી આપેલ છે.

જામનગર. તા.

અત્રે......................સહી અત્રે...................શાખ

''સાગર એન્ટરપ્રાઈઝ'' ના નામથી ચાલતી

ભાગીદારી પેઢી :-

હસ્તે: તેના પ્રવર્તમાન ભાગીદારો :-

--------------------- ------------------

(સિધ્ધાર્થ ભરતભાઈ પટેલ)

તે ભાગીદાર દરજજે જાતે તથા

અન્ય ભાગીદાર

ભરતભાઈ વીરજીભાઈ પટેલ ------------------

ના કુલ મુખત્યાર દરજજે

(સાગર દિપકભાઈ ઝવેરી)

SAGAR ENTERPRISE

PARTNER

(Sagar Zaveri)

(તારક જગદીશભાઈ શેઠ)